# આકાશવાણી, ભુજ

## સમાચાર વાચક : નેહલ ઠક્કર

## કોમ્પ્યુટરાઈઝડ : આશિષ શાહ

## તા. ૨૯–૦૩–૨૦૨૪ સમય : સાંજે ૬.૨૫

---

## સરકાર : ઘઉં :

સરકારે ઘઉંના સંગ્રહને ફરજિયાત જાહેર કરવાનો આદેશ આપ્યો છે. ગ્રાહક બાબતોના મંત્રાલયે જણાવ્યા પ્રમાણે, તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના છૂટક તથા જથ્થા બધ વેપારીઓ 1 એપ્રિલથી આગળના આદેશો સુધી ઘઉંના સંગ્રહની સ્થિતિ જાહેર કરવી પડશે.

આ નિર્ણય સંગ્રહખોરી રોકવા માટે લેવામાં આવ્યો છે. મંત્રાલય દ્વારા આપવામાં આવેલ પોર્ટલ પર જે એકમ નોંધાયેલ નથી તેણે પોતાનું રજીસ્ટ્રેશન કરાવવું પડશે અને દર શુક્રવારે ઘઉં અને ચોખાના સંગ્રહની જાહેરાત કરવી પડશે.

**પ્રાદેશિક સમાચાર**

---

## દુરસંચાર વિભાગ : છેતરપીંડીથી સાવચેત :

દુરસંચાર વિભાગે નાગરિકોને થતી છેતરપિંડી અંગે સાવચેત રેહવા માટે એક માર્ગદર્શિકા બહાર પાડી છે. વિભાગે , વિદેશી WhatsApp નંબરોથી થતી છેતરપિંડી વિશે પણ લોકોને જાગૃત કર્યા છે.

વિભાગે એક નિવેદનમાં કહ્યું છે કે સાયબર ગુનેગારો સાયબર અપરાધ અથવા નાણાકીય છેતરપિંડી કરવા માટે આવા કોલ દ્વારા વ્યક્તિગત માહિતી મેળવવાનો પ્રયાસ કરે છે. વિભાગે કહ્યુ છે કે , તેના દ્વારા આવા કૉલ્સ કરવામાં આવતાં નથી અને તેથી લોકોને સાવચેત રહેવાની સલાહ આપવામાં આવી છે અને આવા કૉલ્સ આવવાના કિસ્સામાં કોઈપણ માહિતી શેર ન કરવા માટે કહેવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે લોકોને દુરસંચાર વિભાગ તરફથી તેમના મોબાઈલ નંબર બંધ કરી દેવા અથવા તો તેમના મોબાઈલ નંબરનો કેટલીક ગેરકાયદેસર પ્રવૃત્તિઓ માટે દુરુપયોગ થઈ રહ્યો હોવાના ફોન કોલ્સ આવી રહ્યાની ફરિયાદ થઈ રહી છે.

**પ્રાદેશિક સમાચાર**

---

## કચ્છ : વરિષ્ઠ નાગરીકો :

વરીષ્ઠ નાગરીકોને તેમની શારીરિક અશક્તતાના કારણે મત આપવામાં પડતી અગવડતા ને દૂર કરવા ભારતના ચૂંટણી પંચ દ્વારા કેટલીક ખાસ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. જેના કારણે વરીષ્ઠ મતદારો વિશેષ સુવિધાઓ સાથે પોતાનો મત આપી શકેશે. ત્યારે કચ્છમાં ૧૦૦ વર્ષથી વધુની ઉંમરના ૪૪૫ વરીષ્ઠ મતદારો નોંધાયા છે જેઓ **મતદાન** જોડાઇને અન્યો માટે પ્રેરણારૂપ બનશે.

ભારતના ચૂંટણીપંચે ૮૫ વર્ષથી વધુ ઉંમરવાળા વરીષ્ઠ નાગરીકો માટે પોસ્ટલ બેલેટ દ્વારા ઘરેથી મતદાનની સુવિધા આપવાની જોગવાઇ કરી છે. ત્યારે કચ્છમાં ૮૫ વર્ષથી વધુના ૧૪૪૨૭ મતદારો નોંધાયા છે જે આ જોગવાઇનો લાભ લઇ શકશે. જયારે ૪૪૫ શતાયુ મતદારો નોંધાયા છે. જેઓ પણ મતદાન મથક સુધી ન પહોંચી શકે તો ઘરેથી મતદાન કરવાનો લાભ મેળવી શકશે.

**માહિતી ખાતું**

---

## જ્ઞાનસાધના સ્કોરશીપ પરિક્ષા :

રાજ્ય પરીક્ષા બોર્ડ , ગાંધીનગર દ્વારા કોમન એન્ટ્રન્સ ટેસ્ટ અને મુખ્યમંત્રી જ્ઞાનસાધના સ્કોલરશીપ પરીક્ષા આવતીકાલે તા.30 માર્ચ ના રોજ યોજાનાર છે. ત્યારે આ પરીક્ષા દરમિયાન કેન્દ્રીના સ્થરળ તથા તેની આજુબાજુના વિસ્તાકરમાં સલામતીની વ્યરવસ્થા ગોઠવવા માટે પ્રતિબંધાત્મદક હુકમો જારી કરાયા છે.

**માહિતી ખાતું**

---

## અદાણી ગ્રીન ફીલ્ડ કોપર રીફાઈનરી :

અદાણી ગ્રુપે કચ્છના મુંદરાથી મેટલ ઉદ્યોગ ક્ષેત્રના વ્યવસાયમાં વિધિવત શરૂઆત કરી દીધી છે. અદાણી એન્ટરપ્રાઇઝ લિમિટેડની પેટા કંપની કચ્છ કોપર દ્વારા ગ્રાહકોને કેથોડ્સની પ્રથમ બેચ મોકલવા સાથે મુંદરા ખાતે આવેલા તેના ગ્રીનફિલ્ડ કોપર રિફાઇનરી પ્રોજેક્ટના પ્રથમ યુનિટનો આરંભ થયો હતો. અદાણી એન્ટરપ્રાઇઝ પ્રથમ તબક્કામાં 0.5 એમટીપીએ  ક્ષમતા સાથે કોપર સ્મેલ્ટર સ્થાપવા માટે લગભગ 1.2 અબજ ડોલરનું રોકાણ કરી રહી છે. બીજા તબક્કાની પૂર્ણાહુતિ પર પણ સમાન ક્ષમતા ઉમેરાશે,

અહીં **અંદાજીત** 2,000 પ્રત્યક્ષ અને 5,000 પરોક્ષ રોજગારીની તકોનું સર્જન કરશે.  આ પ્રસંગે અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, `કચ્છ કોપરની કામગીરીની શરૂઆત સાથે, અદાણી પોર્ટફોલિયો માત્ર ધાતુના ક્ષેત્રમાં જ પ્રવેશી રહ્યો નથી પરંતુ તે ભારતને ટકાઉ અને આત્મનિર્ભર ભવિષ્ય તરફ આગળ વધારવા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

**નેહલ ઠક્કર**

---

## ભુજ વિમાન સેવા :

તાજેતરમાં એર ઇન્ડિયા દ્વારા ભુજ થી મુંબઈ વચ્ચે નવી એરબસ શરૂ કરાઈ જેને લંડન સુધીની કનેક્ટિવિટી અપાઈ છે જેથી ભુજથી લંડન જવા ઈચ્છતા મુસાફરો  સીધી ટિકિટ કઢાવી શકે છે ત્યારે  31 માર્ચથી વધુ એક હવાઈસેવાનો આરંભ થવા જઈ રહ્યો છે.   હવે મહારાષ્ટ્રના નાંદેડ સુધીની હવાઈ સેવા શરૂ થવાની છે ભુજથી વાયા અમદાવાદ થઈને કનેકટિંગ ફ્લાઇટ શરૂ થવાની છે. 31 માર્ચથી આ સેવા શરૂ થશે જેનું ઓનલાઇન બુકીંગ શરૂ થઈ ગયું છે.

સ્ટાર એરના જણાવ્યા પ્રમાણે ,આ સેવાનો લાભ અઠવાડિયામાં ચાર દિવસ સોમવાર , મંગળવાર,ગુરૂવાર અને રવિવારે મળી શકશે.

**નેહલ ઠક્કર**

---

## નખત્રાણા – કાપણી મશીન :

નખત્રાણા પંથકમાં શિયાળુ રવિ પાક પેદાશમાં ઘઉં અને રાયડાનલ પાક તૈયાર થતાં પાકની કાપણીના કામમાં આધુનિક કટિંગ મહીન લગાડવામાં આવ્યાં છે. બદલાયેલા સમયમાં નવી આધુનિક ટેકનોલોજી આવી ગઈ છે. કાપણી મશિનથી એક કલાકમાં બે થી અઢી એકર જેટલા વિસ્તારમાં ઝડપથી કાપણી કરી છોડમાંથી ધાન્ય સાફ થઈ જાય છે. તેને મશિનથી ચોખ્ખા કરવા ઓપલર મશીનમાં સાફ કરી બોરીઓ ભરવામાં આવે છે.તેવું ખેડૂતોએ જણાવ્યું હતું. પંજાબ પ્રાંતમાંથી આવા કાપણી કામના કચ્છમાં અનેક મશીનો આવી કામમાં લાગ્યા છે.

**નેહલ ઠક્કર**

---

## IPL :

IPLમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરનો મુકાબલો કોલકાતા નાઈટ રાઈડર્સ સાથે થશે. આ મેચ સાંજે 7.30 કલાકે બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાશે.

**નેહલ ઠક્કર**

---

---